સુરત ના મે. જ્યુડી..મેજી.ફ.ક. સાહેબશ્રી (રેલ્વે) ની કોર્ટ માં , મુ. સુરત

ફોજદારી કેસ નં. ૨૯૫૧ / ૨૦૨૨

આંક નંબર :–

ફરીયાદી : શ્રી સરકાર

વિરૂધ્ધ

આરોપી: – ગમનભાઈ જીવાભાઈ પરમાર
રહે–સુરત

ગુનો : પ્રોહીબીશન એકટ ની કલમ– ૬૫એએ મુજબ

// જજમેન્ટ //

(૧) ફરિયાદ પક્ષના કેસની ટુંકમાં હકીકત એવી છે કે, આ કામના આરોપી આંક– ૧ વાળી ચાર્જસીટ મા જણાવેલ હકીકત મુજબ પ્રોહીબીશન એકટ ની કલમ–. ૬૫એએ મુજબ મુજબના શિક્ષાને પાત્ર ગુનાનું આંક – ૧ વાળુ ચાર્જશીટ અત્રેની અદાલતમાં રજુ કરેલ છે.

(૨) આરોપી આજ રોજ હાજર થતા, તેઓ ને સદર કેસ ના પોલીસપેપર્સ ની નકલો પુરી પાડવા માં આવેલ છે. સદર કામે આરોપી સામે તહોમતનામુ ફરમાવી અને તે અનુસંધાને તેઓ નુ નિવેદન નોધવા માં આવેલ છે અને તેમા આરોપી એ પોતાની સામે નો ગુના નો એકરાર કરેલ છે. આરોપી એ સદરહુ ગુનો કબુલાત ની પુરસીસ પણ રજુ કરેલ છે.વધુ માં આરોપી તરફે રજુઆત કરેલ છે કે તેઓ ને ગુનો કબુલ છે, તેઓ ગરીબ વર્ગનાં, કુટુંબ કબીલાવાળા માણસ હોઈ, મજુરી કામ કરી માંડમાંડ તેઓનાં કુટુંબનું ભરણ પોષણ કરે છે, જેથી દયા રાખી યોગ્ય હુકમ કરવા અરજ છે.

(૩) આરોપીને ગુનાની શિક્ષાની સમજ આપવામાં આવેલ તેમ છતાં ગુનો સ્વેચ્છાપૂર્વક કબુલ મંજુર હોય, જે કબુલાત ન માનવાને કારણ નથી. આરોપીની કબુલાત પુરશીશ ની હકિકતો તથા આરોપીની અન્ય મૌખિક રજુઆતો ઘ્યાને લેતા, આરોપીને સદર ગુના બદલ તકસીરવાન ઠરાવવામાં આવે છે. સદર કામે આરોપી સામે ના આક્ષેપિત ગુના માં પ્રોહી નો મુદામાલ વીસ લીટર થી ઓછો છે તે હકીકત ઘ્યાને લીધી. સજા સંદર્ભે આરોપીની કોર્ટ સમક્ષની રજૂઆતને લક્ષમા લેતા, આરોપી તેઓનો પ્રથમ ગુનો હોવાનુ જણાવતા હોય, આરોપી કુટુંબનો આધાર સ્તંભ હોય, જો લાંબા સમય સુધીની કેદની સજા કરવામા આવે તો કુટુંબના ભરણ પોષણ નો પ્રશ્ન ઉપસ્થિત થાય તેમ છે , આરોપીના કથીત કૃત્યની સજા આડકતરી રીતે તેના કુટુંબીજનો ને થનાર હોય, આરોપીએ ગુના સબબ પારાવાર પસ્તાવો પણ વ્યકત કરેલ હોય, ભવિષ્યમા આવા

પ્રકારનો ગુનો નહીં બને તેમ જણાવતા હોય, કેસના સંજોગો, ગુનાનો પ્રકાર અને કરવામા આવેલી રજૂઆતોને લક્ષમા લેતા, તેમજ નામદાર ગુજરાતની વડી અદાલતે ૨૦૦૫ (૧) જી.એલ.આર.પાના નં.૭૦૯, સ્ટેટ ઓફ ગુજરાત વિરુધ્ધ નટવર હરીચન્દ્ર ઠાકોર ના કેસમાં પ્રસ્થાપિત કરેલ સિધ્ધાંત ધ્યાને લેતા , જો પુરતા અને વ્યાજબી કારણો હોય તો દરેક કેસની હકીકતને ધ્યાનમાં લઈ નીચેની અદાલતને કાયદામાં કરેલ જોગવાઈ કરતાં પણ ઓછી સજા અને દંડ કરવાની સત્તા છે. સદરહુ ચુકાદા થી પ્રસ્થાપિત સિધ્ધાંત આરોપી ના કેસની હકીકતો ને લાગુ પડે છે. જેથી ,આરોપીની સ્થિતી અને સંજોગોને ધ્યાને લઈ કાયદાએ સુચવેલ ન્યુનતમ સજા કરતાં ઓછી સજા કરવા માટેના વ્યાજબી અને વિશિષ્ટ કારણો જણાય છે. તેથી ઓછી સજા કરવી જોઈએ તેમ અત્રે ની અદાલત નમ્રપણે માને છે.ઉપરોકત ચર્ચા કર્યા મુજબના કારણોસર આરોપીને કાયદામાં ઠરાવેલ શિક્ષા નહીં કરતા હળવી શિક્ષા કરવાથી ન્યાયનો હેતુ જળવાશે તેમ ફલીત થતુ હોય, જેથી નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

**// હુકમ //**

(૧) આ કામના આરોપી ના ઓ ને ક્રિમીનલ પ્રોસીઝર કોડની કલમ ૨૪૧ મુજબ પ્રોહીબીશન એકટ ની કલમ– ૬૫એએ મુજબના ગુના સબબ તકસીરવાન ઠરાવી કોર્ટ ઉઠતા સુધી સજા તથા રૂપિયા– ૧૪૦૦ /– (અંકે રૂપિયા એક હજાર ચારસો પુરા ) દંડ કરવા માં આવે છે અને જો આરોપી દંડ ની રકમ ભરપાઈ ન કરે તો તેઓ ને વધુ–૨૦ ( વીસ ) દીવસ ની સાદી કેદ ની સજા ભોગવવાનો હુકમ કરવા માં આવે છે.

(૨) મુદામાલ દારુ અપીલ સમય બાદ નાશ કરવો

હુકમ આજ રોજ ખુલ્લી અદાલત માં વાંચી–સંભળાવી જાહેર કર્યો.

તારીખ– ૧૦ / ૧૦ / ૨૦૨૨

સ્થળ– સુરત

(ભરતકુમાર મનમોહનભાઈ પરમાર)
જયુડી.મેજી.ફ.ક. સુરત
**કોડ નંબર– જીજે ૦ ૧૩૪૮**

| | |
|---|---|
| RS | |
| R.NO | |